ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આસપાસ ચોપાસ

દહેમી ટાઉન ટોક

-: દહેમી ગામનો પરિચય :-

ગામના કુંટુંબોની કુલ સંખ્યા	1055
કુલ વસ્તી	5015
કુલ પુરૂષો	2588
કુલ સ્ત્રીઓ	2427

-: સાક્ષરતા દર :-

કુલ સાક્ષરતા દર	81.61
પુરૂષ સાક્ષરતા દર	89.95
સ્ત્રી સાક્ષરતા દર	72.68

-: ખેડૂતો :-

ખેડૂતો	360
ખેત મજૂર	1096
સીમાંત વર્ગ	149

-: બીપીએલ :-

બીપીએલ કુટુંબ (0 થી 16)	450
બીપીએલ કુટુંબ (17 થી 20)	728

-: પશુધન :-

પશુધન	1997
ગાય	394
ભેંસ	1293
અન્ય	310

-: જમીન ક્ષેત્રફળ :-

544 હેક્ટર 94 આરે 66 ચો. મી.
ગૌચર 06 હેક્ટર 89 આરે 75 ચો.મી.

-: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

-: શૈક્ષણિક સગવડ :-

પ્રાથમિક શાળા	05
માધ્યમિક શાળા	01
ઉચ્ચ.માધ્ય. શાળા	00
વિદ્યાર્થીઓ	379

-: આરોગ્ય સુવિધા :-

પેટા આરોગ્ય કેન્દ્ર	01

-: વીજળીકરણ :-

રહેણાંક વીજ જોડાણ	1097
ઔદ્યોગિક વિષયક જોડાણ	06
ખેતી વિષયક જોડાણ	63

-: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો	450

-: સામાજિક સુરક્ષાની વિગતો :-

NFSA કાર્ડ ધારકો	768
BPL કાર્ડ ધારકો	360
અંત્યોદય કાર્ડ ધારકો	70

-: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

-: યોજનાકીય લાભાર્થીઓ :-

વૃદ્ધા પેન્શન	192
વિધવા સહાય	125
ઉજ્જવલા યોજનાના લાભાર્થી	00

આણંદ જિલ્લાના ત્રણ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોની રેવન્યુ હદને જોડતું દહેમી વિકસિત ગામોની હરોળમાં ગણાય છે

દહેમી ગામ તાલુકા મથક બોરસદથી પાંચ કિલોમીટર અને જીલ્લા મથક આણંદથી માત્ર 14 કિલોમીટરના અંતરે આવેલ ગામ ખુબ ઓછી જનસંખ્યા ધરાવતા ગામમાં મોખરાનું ગામ છે. દહેમી ગામ ઉત્તર દિશામાં આણંદ તાલુકાનું નાવલી દક્ષિણ દિશામાં બોરસદ તાલુકાનું સિંગલાવ અને પશ્ચિમ દિશામાં આંકલાવ તાલુકાનું ખડોલ અને પૂર્વ દિશામાં પેટલાદ તાલુકાનું આશી ગામની સરહદ આવેલી છે. બોરસદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા વર્ષોથી અલ્પવિકસિત ગામોમાં ગણાતું દહેમી છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. દહેમી ગામની ભાગોળે મોટું તળાવ છે. તળાવને કાંઠે મહાદેવનુ મંદિર છે. મંદિરની પાસે લીમડાના વિશાળ ઝાડની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે અચુકપણે આવે છે. દહેમી ગામમાં એક નાનું બજાર છે. તેમાં જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ સરળતાથી મળે છે. ગામમાં એક પ્રાથમિક શાળા છે. જેમાં ઘણાં બાળકો ભણવા માટે આવે છે. ગામમાં વીજળીની અને વોટરવર્કસની સગવડ છે. ગામમાં રાઠોડ, ગોહેલ, પરમાર, ડાભી, પટેલ, ઠાકોર, સોલંકી, રાઉલજી, મકવાણા, રાજ, પંચાલ, પ્રજાપતિ, બ્રાહ્મણ, વાળંદ, ભરવાડ, મોલેસલામ રાઠોડ, મલેક, ખ્રિસ્તી, દેવીપૂજક વણકર રોહિત વગેરે જુદી જુદી જાતિના લોકો રહે છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ગામને સિંચાઈનો લાભ મળ્યો છે. એટલે ગામના ખેડૂતો વર્ષમાં ત્રણ વખત પાક ઉપજ મેળવી શકે છે. લોકો ખેતીવાડીની સાથે પશુપાલન પણ કરે છે. ગામના લોકો સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ધ્યાન આપે છે. લોકો હોળી, જન્માષ્ટમી, નવરાત્રી દિવાળી, બેસતું વર્ષ જેવા તહેવારો સાથે મળીને આનંદથી ઊજવે છે. દહેમી ગામ વસ્તીની દ્રષ્ટીએ ખુબ જ નાનું ગામ છે પરંતુ ગામના મોટાભાગના લોકોની દિદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે. ગ્રામજનો માટે પંચાયત, પોસ્ટ, વીજ, સિંચાઈ સંબંધિત સુવિધા સરળતાથી ઉપલબ્ધ છે. પંચાયતમાં ઇન્ટરનેટ સુવિધા છે. ગામમાં પોસ્ટ ઓફીસ છે અને ટપાલ નિયમીત મળે છે. ખેતીના ઓજારો અને જંતુનાશક દવાઓ આણંદ અને બોરસદથી લાવે છે. ગામનુ ગૌચર છે. ગૌચરનો સામાન્ય ઉપયોગ કરવામાં આવે છે. ગામમાં ખેડુતોએ સિંચાઇ વ્યવસ્થા માટે કેટલીક ખેત તલાવડીઓ બનાવેલ છે. ગામમાં એક વિશાળ તળાવ અને ત્રણ નાની તળાવડીઓ પણ છે. દહેમી ગામ આમ તો પ્રાથમિક સુવિધાઓ માટે હજુ પણ સંઘર્ષ કરી રહ્યું છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ માટે ગામમાં જ ધોરણ 1થી 8 સુધી સુવિધા ઉપલબ્ધ છે. બાળકોને સ્થાનિક ગામમાં જ પાયાના શિક્ષણનો લાભ મળે તે માટે સરકારી પ્રાથમિક શાળા કાર્યરત છે.

ગામમાં રાઠોડ, ગોહેલ, પરમાર, ડાભી, પટેલ, ઠાકોર, સોલંકી, રાઉલજી, મકવાણા, રાજ, પંચાલ, પ્રજાપતિ, બ્રાહ્મણ, વાળંદ, ભરવાડ, મોલેસલામરાઠોડ,મલેક,ખ્રિસ્તી, દેવીપૂજક વણકર રોહિત વગેરે જુદી જુદી જાતિના લોકો રહે છે.

રાષ્ટ્રીય કક્ષાએ ભારત ભૂષણ સેવા રત્ન એવોર્ડથી દહેમીનુ સ્પર્શ ફાઉન્ડેશન દિલ્હી ખાતે સન્માનિત

સમસ્ત ચરોતર પ્રદેશમાં કાર્યરત સ્પર્શ ફાઉન્ડેશન હર હંમેશ સેવાકિય પ્રવૃત્તિઓમા અગ્રેસર રહેલું છે, સતત સાત વર્ષથી કાર્યરત રહેલું દહેમી ગામના સ્પર્શ ફાઉન્ડેશનને ન્યૂ દિલ્હી ખાતે અખંડ ભારત રાષ્ટ્રીય સેવા દડ ના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણસિંહજી સિંધા ના વરદ હસ્તે રાષ્ટ્રીય સન્માન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, સ્પર્શ ફાઉન્ડેશન અત્યાર સુધીમાં સર્વ સમાજ ની 127 માં-બાપ વિહોણી દીકરીઓનો ફકત એક રૂપિયા મા સમૂહ લગ્ન કરાવ્યા છે, તદ ઉપરાંત, ગરીબ મધ્યમવર્ગના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય, વિધવા તથા દિવ્યાંગ પરિવારને અનાજ કરીયાણાની કીટ વિતરણ અબોલ પશુ પક્ષીઓ માટે ઘાસચારો પંખીઘર, ચણ અને પાણીના કુંડાની વ્યવસ્થા, બિમારી દરમિયાન જરૂરીયાતમંદને બ્લડની વ્યવસ્થા (રકતદાન), ઝુંપડપટ્ટી વિસ્તારના ગરીબ બાળકોને નિ:શુલ્ક શિક્ષણ સેવાયજ્ઞ, કોરોના કાળમાં જરૂરીયાતમંદોને ભોજન વ્યવસ્થા અને ટીફીન સેવા, નિરાધાર, વુધ્ધો, અપંગ તથા પ્રસૃતિના સંજોગોમાં રાત્રી સમયે દવાખાને લઇ જવા માટે ઓટો રિક્ષા ની ફ્રી સેવા, જન્મદિન, લગ્ન તિથિ, પ્રાસંગિક પ્રસંગોની ઝુપડપટ્ટીના બાળકો સાથે અનોખી ઉજવણી કરવામાં આવે છે. શુભ પ્રસંગોએ વધેલ ભોજન જરૂરીયાતમંદ વ્યકિતઓ સુધી પહોચાડવાની વ્યવસ્થા, અનાથ આશ્રમ, વૃધ્ધાશ્રમ અને દિવ્યાંગ સંસ્થાઓમાં કપડા, ભોજન અને ફુટ વિતરણ સહ માનવતાનો મહાયજ્ઞ કરી 350 થી વધુ સેવાઓ કરી સેવા રથ આગળ ધપાવ્યો છે અને આગળ પણ ચાલુજ રહેશે તેમ સ્પર્શ ફાઉન્ડેશન પરિવાર ના સભ્યો દ્વારા જણાવવામાં આવ્યું છે.હાલમાં સ્પર્શ સંસ્થાના સ્થાપક અને પ્રમુખ તરીકે નયનસિંહ વિનુભા ગોહિલ દહેમી, સહ સંસ્થાપક તરીકે અક્ષયસિંહ આર ચાવડા દાવોલ, મંત્રી તરીકે ચિરાગ સિંહ ભરતસિંહ રાઠોડ દહેમી, મહામંત્રી તરીકે મિહિર સિંહ રંગીતસિંહ ચાવડા દહેમી, ખજાનચી તરીકે અજય સિંહ આર ગોહિલ, અને સલાહકાર તરીકે વિનુભા ભાવસિંહજી ગોહિલ દહેમી, તથા સમસ્ત સ્પર્શ ફાઉન્ડેશન પરિવાર યુવા મિત્રો જવાબદારી સંભાળી રહ્યા છે.

દહેમીના શિક્ષકે નોકરી છોડી શરૂ કરેલી 100 બેડની હોસ્પિટલમાં 65 હજાર દર્દીને ફ્રી સારવાર અપાઈ

આણંદ જિલ્લાના નાનકડા દહેમી ગામના વતની અને શરૂઆતના વર્ષોમા અનેક સમસ્યાઓનો સામનો કરી ચૂકેલા ભરતભાઈ પટેલ શિક્ષક તરીકે પાયોનિયર હાઇસ્કુલમા શિક્ષણ આપવાનુ કાર્ય હાથ ધર્યું હતું. પોતાને પડેલી મુશ્કેલીઓ બાળકોને ભોગવવી ન પડે તે માટે બોરસદ તાલુકાના દહેમી ગામે સંસ્કૃતિ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ હેઠળ શાળા શરૂ કરીને 5 હજારથી વધું વિદ્યાર્થીઓને શિક્ષણ આપી ચુક્યા છે. પરંતુ તેમનામાં રહેલી સેવાકીય ભાવના ઉજાગર કરીને તેમના સાથીદાર વિરલભાઈ ઠક્કર સાથે મળીને બોરસદના દહેમી ખાતે સંસ્કૃતિ એજ્યુકેશન એન્ડ મેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ભાર્ગવા આયુર્વેદિક હોસ્પિટલની સ્થાપના 2015 મા કરી હતી. પ્રાચીન પ્રચલિત આયુર્વેદિક પધ્ધતિથી દર્દીઓની સારવાર માટે 100 બેડની વ્યવસ્થા ધરાવે છે. ભાર્ગવા આયુર્વેદ હોસ્પિટલમાં અત્યાર સુધી સ્થાનિક સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત દેશના વિવિધ રાજ્યના 65 હજારથી વધુ દર્દીઓ સારવાર લઈ ચૂક્યા છે.જેમાં 15 હજારથી વધુ દર્દીઓએ હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર લીધી છે. 30 હજારથી વધુ દર્દીઓને પંચકર્મ વિભાગમાં સારવાર અપાઈ છે. આ તમામ દર્દીઓ પાસેથી એક પણ રૂપિયાનો રહેવા, જમવા કે સારવારનો ખર્ચ વસુલવામાં આવ્યો નથી. ગ્રામ્ય વિસ્તારમા કેમ્પ યોજીને દર્દીઓને સારવાર માટે જુદા જુદા ગામમાથી દર્દીઓને બસ મારફતે વિનામુલ્યે લવાય છે. અહીં દર્દીઓને ગંભીર અને જટિલ રોગોની સારવાર સાથે દર્દીઓ સાથે આત્મીયતા અને હુંફ સાથે અત્યંત માનવીય વ્યવહાર દાખવવામાં આવતો હોવાનો સંતોષ દર્દીઓ અને તેના પરિવારજનો વ્યક્ત કરી રહ્યા છે.